**સ્પે.દિ.મુ.નં. ૧૭૪/૨૦૧૫ (નવો)**
**સ્પે.દિ.મુ.નં. ૩૫૬/૨૦૧૨ (જુનો)**

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

(૧) રેકર્ડ જોતા તા. ૨૪/૦૫/૨૦૧૨ના રોજ સદર દાવો રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. આ કામે આંક ૫૭ થી તા. ૨૮/૦૩/૨૦૨૩ના રોજ મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે. અને ત્યારબાદથી આજદીન સુધી વાદીએ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં આ કામે વાદીને તા. ૧૧/૯/૨૦૨૩ના રોજ પુરાવો રજુ કરવા નોટીસ કરતા હાજર થયેલ નથી પરંતુ તેમના વિ. વ.શ્રી તરફે પુરાવા માટે રીપોર્ટ આવેલ છે જે મુજબ કામ પુરાવા માટે મુલત્વી રાખેલ છે.આજરોજ વાદી કે તેમના વિ. વ. શ્રી વારંવાર પોકાર કરાવતા હાજર નથી અને સદર કેસ ૧૧ વર્ષ જુના દાવામાં વાદીના પુરાવા પર હોય તેમાં કોઈ કાર્યવાહી થયેલી નથી. આજરોજ સદર ૧૧ વર્ષ ઉપરાંતના જુના દાવામાં વાદી તરફે પુરાવો કયારે રજુ થશે તેવી કોઈ સ્પષ્ટતા વાદીના વકીલશ્રી તરફે થયેલ નથી. આમ, રેકર્ડ જોતા વાદીઓને સદર દાવો આગળ ચલાવવામાં કોઈ રસ નથી તેમ જણાઈ આવે છે અને વાદીઓને દાવો ચલાવવા અદાલત તરફથી પુરતી તકો આપવામાં આવેલ હોય વાદી તરફે કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કેમ થતો નથી તેવી રજુઆત કરેલ નથી. વાદી તરફે સુનાવણી મુલત્વી રાખવા કોઈ કારણ બતાવવામા આવેલ નથી. વળી સી.પી.સી. ઓર્ડર ૧૭ રૂલ ૨ સાથે વાંચતા ઓ. ૯ રૂલ ૩ની જોગવાઈ જોવામા આવે તો આ દાવાના કોઈ પક્ષકારો સુનાવણી બાદ હાજર થયેલ ન હોય તે સંજોગોમાં વાદીનો દાવો કાઢી નાખવાનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવો ઉચીત જણાય આવે છે.

(૨) પક્ષકારએ હાજર રહેવા જણાવેલ હોવા છતાં પક્ષકાર હાજર રહેલ ન હોય તેમજ વાદીને આ કામ આગળ ચલાવવા પૂરતો સમય આપવા છતા વાદી દ્વારા કોઈ કાર્યવાહી કરવામા આવેલ ન હોય સી.પી.સી. ઓર્ડર ૧૭ રૂલ ૨ સાથે વાંચતા ઓર્ડર ૯ રુલ ૧૨ તથા રૂલ ૩ સાથે વંચાણે લેતા દાવો ડીસમીસ કરી ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૭મી માહે ઓકટોબર સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો

તા. ૨૭/૧૦/૨૦૨૩
મુ. ધોળકા.

**( હિતેશકુમાર ગીરીશભાઈ દામોદ્રા )**
એડીશનલ સીનીયર સીવીલ જજ, ધોળકા
જજ કોડ– GJ01005